ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૧ ટકા

# HIV પોઝીટીવ દર્દીઓ માટે રાહતના સમાચાર : બે માસની દવા અપાશે

ગાંધીનગર, તા.૧
હાલ રાષ્ટ્રની સાથે સમગ્ર ગુજરાતમાં પણ કોરોના વાઈરસ (COVID19)નો કહેર જોવા મળી રહ્યો છે. COVID19ની આ મહામારીના સમયમાં HIV પોઝિટિવ લોકોને HIV ની જીવન પર્યન્ત લેવાની ART દવા પૂરતા જથ્થામાં મળી રહે જેથી HIV પોઝીટીવ લોકોના સ્વાસ્થ્યના હિતને ધ્યાને લઈને દવાની પ્રાપ્તિમાં કોઈ હાલાકીનો સામનો કરવો પડે નહિ એ અતિ આવશ્યક છે. જે માટે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય) ના નિર્દેશ અનુસાર GSNP+ (ગુજરાતમાં HIV પોઝિટિવ લોકોનું સ્વૈચ્છીક સંગઠન) દ્વારા HIV પોઝીટીવ લોકોના આરોગ્યના સુખાકારી માટે સ્થાનિક પ્રશાસન ડીસ્ટ્રીકટ એઈડ્સ પ્રિવેંશન કંટ્રોલ યુનિટ, ART દવાના કેન્દ્રો, ગાધીનગર વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટર GSNP+, અયુષ્યમ કેન્દ્ર લિંક ART કેન્દ્રો, આરોગ્ય કેન્દ્રોની સાથે HIV પોઝિટિવ લોકોને દવા પર્યાપ્ત પહોંચી રહે તેની જહેમત સાથે મળીને ઉઠાવી છે. જે માટે HIV પોઝીટીવને ફોનથી વિહાન કેન્દ્રો તથા ART કેન્દ્રો દ્વારા નજીકના વિસ્તારના નક્કી થયેલા કેન્દ્રો પરથી ART દવા પ્રાપ્ત કરવાની જાણ કરવામાં આવી રહી છે.

નિર્દેશ અનુસાર કોઈ પણ HIV પોઝિટિવ પોતાની ART દવાની ચોપડી અને દવાની બોટલ સાથે લઈને કેન્દ્ર પર જવાનું રહેશે. જો રસ્તામાં આપને પોલીસ દ્વારા કોઈ પૂછપરછ થાય તો ગભરાવા કરતા HIV ની ART દવા ની લીલી ચોપડી બતાવી ને પૂરતો સહયોગ પ્રાપ્ત કરવો. એક થી વધુ મહિનાની દવા આ તમામ HIV પોઝિટિવ લોકોને પ્રાપ્ત થઈ શકે છે. કોઈ પણ રાજ્ય કે જીલ્લાના HIV પોઝિટિવ વ્યક્તિ ART દવા પ્રાપ્ત કરી શકશે. HIV પોઝિટિવ પરિવાર વતી એક સભ્ય પણ પુરા પરિવારની ART દવા પ્રાપ્ત કરી શકશે. જો કોઈ HIV પોઝિટિવ વૃદ્ધ, સગર્ભા, બાળક, પથારીવશ હોય તો તેમના પરિવારના સભ્યને પણ આ ART દવા આપવામાં આવશે. ખુબ જ જરૂરિયાતમંદ એવા HIV પોઝિટિવ લોકો જેમના પરિવારમાં કે જેમને કોઈ જ મદદ કરનાર નથી તેવા કિસ્સામાં GSNP+ દ્વારા એમના સુધી દવા પહોંચે તેની કામગીરી કાર્યરત છે. આ અંગે વધુ માર્ગદર્શન કે સેવાની આવશ્યકતા હોઈ તો હેલ્પ લાઈનનો સંપર્ક કરવા હેલ્પ લાઈન નંબર ૭૦૬૯૧ ૧૧૦૧૦, ૭૮૭૮૪ ૨૪૧૩૦, ૯૭૨૫૦૧૫૯૬૮.




ગાંધીનગર રાયસણ સિટી પલ્સ પાસે આવેલી શુકન હાઈટ્સ સોસાયટીના સભ્યો અનોખો સેવા યજ્ઞ ચલાવી રહ્યા છે. સવાર સાંજ બે ટાઈમ લગભગ ૧૨૫ ટિફિનની વ્યવસ્થા આ કોરોના મહામારીથી ભૂખ્યા રહેતા લોકો માટે કરી રહ્યા છે. સોસાયટીના સર્વે સભ્યો મળીને સવારે પુરી, શાક અને સાંજે ખીચડી શાકની વ્યવસ્થા કરી કારમાં ટિફિન ભરી સેકટર સાત અને આરટીઓ કચેરી પાસેના શ્રમજીવી વસાહતમાં પહોંચાડી આવે છે. છેલ્લા આઠ દિવસથી અવિરત ચાલુ આ કાર્યમાં ચેરમેન મયુર વાઘેલા, જયેન્દ્રસિંહ ચાવડા, જયમીન પટેલ, મહેશ ગોપલાણી, અનિરુદ્ધસિંહ ઝાલા, ઊષા તટ્ટુ સહિત સોસાયટીની સર્વ મહિલા શ્રેષ્ઠ યોગદાન આપી રહી છે.



ગાંધીનગરમાં કોરોના વિરૂદ્ધ ઘણી બધી સંસ્થાઓ અને નાગરિકો સાથે મળીને લડત આપી રહ્યા છે સૌ કોઈ પોતાની રીતે સેવા કાર્યમાં જોડાયા છે. સેકટર-૨૩માં રહેતા અને કોર્પોરેશન બેંકમાં ફરજ બજાવતા મીતાબેન એસ. ત્રિવેદીએ કોટનના કપડાં આપ્યા જ્યારે એ જ કપડાંને લઈને 'માસ્ક' બનાવવાનું કાર્ય ૯૩ વર્ષના ઈન્દુબેન અમરાવતકાર અને કોર્પોરેટર હર્ષાબા ધાધલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ માસ્ક જરૂરિયાતમંદોને વિનામૂલ્યે આપવામાં આવશે.

## ૧૧ વર્ષના રુદ્ર દ્વારા પીએમ કેર ફંડમાં એક લાખ રૂપિયાનું દાન



આજે સમગ્ર વિશ્વ કોરોના વાયરસને લડત આપી રહ્યું છે. ત્યારે, આપણા દેશના ઘણા નાગરિકો દ્વારા કોરોનાની મહા મારી સામે લડવા પીએમ કેર ફંડમાં યથા શક્તિ દાન કરી પોત પોતાનું આપી રહ્યા છે. હાલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબા દ્વારા પીએમ કેર ફંડમાં દાન કરવામાં આવ્યું હતું આજ વાત થી પ્રેરણા લઈ તેમના પડોશમાં રહેતા ૧૧ વર્ષના રુદ્ર મુકેશભાઈ પટેલ દ્વારા જન્મ દિવસની નિમિતે ઉજવણી કરવાને બદલે પીએમ કેર ફંડમાં એક લાખ રૂપિયાનું દાન કરવામાં આવ્યું છે.

## વાવોલમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ સથે અનાજ વિતરણનો પ્રારંભ



રાજય સરકાર દ્વારા અંત્યોદય પીએચએચ પરિવારોને અનાજ વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેથી લૉકડાઉનની સ્થિતિમાં આ પરિવારોને ભૂખ્યાં ના રહેવું પડે. વાવોલમાં સરકાર માન્ય અનાજની દુકાનો પરથી આ વિતરણ કાર્ય સોશ્યલ ડિસ્ટન્સિંગ સાથે થાય તે વ્યવસ્થા જાળવવા ગામના સરપંચ નગીનભાઈ નાડીયા, ઉપસરપંચ ભાવનાબા ગોલ, તલાટી કમ મંત્રી ચંદ્રિકાબેન રાવલ તેમજ ખોડાજી ઠાકોર વગેરે સે-૭ પોલીસ સ્ટેશનના પીએસઆઈની દોરવણી હેઠળ સહયોગ આપી રહ્યાં છે.

## ટીપી-૯ વિસ્તારની કરિયાણાની દુકાનોમાં માલ સ્ટોકની અછત

ગાંધીનગર, તા.૧
ન્યુ ગાંધીનગર તરીકે વિકસિત થયેલો સરગાસણનો ટીપી-૯ વિસ્તાર લગભગ ૧૫૦૦૦થી વધુ વસ્તી ધરાવે છે. આ વિસ્તારમાં કરિયાણાની દુકાનો પણ આવેલી છે. જેમાં લોકડાઉનના આજે આઠમા દિવસે જીવન જરૂરી ચીજવસ્તુઓ હાલમાં મળતી ન હોવાની બૂમરાણ ઉભી થઈ છે.

દેશભરમાં કોરોના સંકટે અનેક સમસ્યાઓ ઉભી કરી છે ત્યારે માનનીય વડાપ્રધાનશ્રીએ માનવજીવનને બચાવવા લોકડાઉન જેવું આકરુ પગલું લીધું છે. જે સામે આપણા રાજયની સરકારે પણ નાગરિકોને લોકડાઉન દરમિયાન જરૂરી ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ બને તેવા પ્રયાસો કર્યા છે. પરંતુ ગાંધીનગરના સરગાસણમા આવેલ ટીપી-૯ વિસ્તારમાં કરિયાણાની દુકાનોમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની અછત સર્જાઈ છે. જેથી લોકડાઉન દરમિયાન પણ અહીંના રહીશોને આવી ચીજવસ્તુઓ ખરીદવા શહેરના શોપિંગ સેન્ટરો તરફ જવા ફરજ પડી રહી છે.

જીવનજરૂરી ચીજવસ્તુઓમાં અનાજ ખાદ્યમરીમસાલા, ગોળ, ચા, ખાંડ, તેલ, કઠોળ, દાળ, સીંગ, ચણા, મમરા વગેરેનો જથ્થો લોકડાઉનના આઠમા દિવસે પૂર્ણ થઈ ગયો છે. આ અંગે અહીંના વેપારીને પૂછતા જણાવ્યું હતું કે લોકડાઉન દરમિયાન નિયમિત આવતા જથ્થાબંધ વેપારી તરફના માલનો સપ્લાય બંધ થઈ જતા આ પરિસ્થિતિ સર્જાઈ છે.જ્યારે અમો જથ્થાબંધ બજારમાં જઈ શકતા ન હોવાથી જે માલ હતો તેનું વેચાણ થઈ ગયું છે અને અન્ય માલ સ્ટોક હાજરમાં નથી. માટે તંત્ર દ્વારા અહી માલ સ્ટોક ઉપલબ્ધ બને તેવું આયોજન હાથ ધરવામાં આવે તો અહીંના સ્થાનિક રહીશોમાં રાહત ઊભી થાય અને કોરોના સંકટ સમયે બહાર જવાની નોબત ન આવે. વધુમાં જીવનજરૂરી ચીજવસ્તુઓમાં થતી કાળાબજારી અંગે રાજયનો પુરવઠા વિભાગ પણ અહી તપાસ કરે તેવી પણ માંગ રહીશોએ કરી છે.

## લૉકડાઉનમાં દૂર રહી સાથે રમવાનો આનંદ માણતા શહેરીજનો...!!


### સમય પસાર કરવા સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરી એક સમય નિયત કરી દૂર રહેતા સ્નેહીજનો-મિત્રો સાથે એક સાથે રમતો રમવાનો નવો ટ્રેન્ડ : સોશ્યલ ડિસ્ટન્સિંગ સાથે નવા પ્રકારનું 'સોશ્યલ એટેચમેન્ટ'..!!

ગાંધીનગર, તા.૧
નોવેલા કોરોના કોવિદ-૧૯ વાઈરસના સંક્રમણને પગલે વડાપ્રધાન દ્વારા જાહેર કરવામાં આવેલા ૨૧ દિવસના લૉકડાઉનના સમયમાં શહેરીજનો પોતાના ઘરમાં જ પુરાઈ રહી જવાબદાર નાગરિક ધર્મનું પાલન કરી રહ્યાં છે. જો કે આ સમયગાળા દરમિયાન પરિવાર સાથે સમય પસાર કરવા શહેરીજનો અવનવાં અખરાં અને પેંતરા અજમાવી રહ્યા છે. જેમાં સોશ્યલ મિડીયાના યુગમાં ઈન્ટરનેટ થકી દેશના અલગ અલગ શહેરોમાં કે વિદેશમાં રહેતા પોતાના સ્નેહીજનો સાથે ઓનલાઈન થઈ એક સાથે હાઉસી કે ટાસ્ક ચેલેન્જર અથવા જજમેન્ટ ગેમ્સ રમવાનો આનંદ સૌથી વધુ લોકપ્રિય બની રહ્યો છે.

સામાન્ય રીતે મોબાઈલ પર ગેમ રમવાની વાત આવે એટલે પબ્જી, લુડો, સાગા કે તેવી કોઈ અન્ય ગેમ એપ્લિકેશનથી રમત રમવાનું મનમાં આવે પરંતુ હવે તો લૉકડાઉનમાં નવો ટ્રેન્ડ શરૂ થયો છે જેમાં 'ઓનલાઈન' રમવાનું પરંતુ કઈ પણ ગેમ્સ એપ્લિકેશનનો ઉપયોગ કર્યા વગર પોતાના સગા-સંબંધીઓ, સ્નેહીજનો કે મિત્ર પરિવારો સૌએ એક સાથે નક્કી કરીને એક જ સમયે જેમ કે બપોરે અથવા રાત્રે જમ્યા પછીના સમયે જાણે એકબીજાની રૂબરૂમાં રમતા હોય તે રીતે વ્હોટસએપ કે ઝૂમ જેવા સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરીને રમવામાં આવે છે. આ રમતમાં સૌ એકબીજાથી દૂર હોવા છતાં એક સમયે ઓનલાઈન રહી એકબીજા સાથે વાતો કરતાં, મજાક મસ્તી કરતા કરતાં રમી શકાય છે. આ પ્રકારની રમતોમાં હાઉસી, જજમેન્ટ કે ટાસ્ક ચેલેન્જિંગ જેવી રમતો વધુ લોકપ્રિય થઈ રહી છે. જેમાં ઈનામો પણ રાખવામાં આવ્યા હોય છે. આ રમત રમાડવા માટે ગૃપનો કોઈ એક સભ્ય સંચાલનની જવાબદારી ઉપાડે છે અને અન્ય સભ્યો તેના આદેશ મુજબ રમત રમે છે તેમજ તેના નિર્ણયને સૌ સ્વીકારે છે. આ પ્રકારનો ટ્રેન્ડ એ 'સોશ્યલ ડિસ્ટન્સિંગ' સાથે નવા જ પ્રકારનું 'સોશ્યલ એટેચમેન્ટ' છે જે દરેકનો એકબીજાથી દૂર હોવા છતાં નજીક લાવે છે, પરિવાર-મિત્રો-સ્નેહીજનોનું જીવનમાં મહત્વ સમજાવે છે અને બાળકોમાં પણ પરિવાર ભાવનાના સંસ્કારનું સિચન કરવા સાથે લૉકડાઉનનો બોરીંગ સમય મોજ મસ્તીથી પસાર કરવામાં મદદરૂપ પણ બને છે.

### કેવી રીતે રમાય છે આ રમતો??

લૉકડાઉનમાં સ્નેહીજન મિત્રો સાથે એક જ સમયે ઓનલાઈન થઈને આ રમતો રમવામાં આવે છે જેના નિયમો સંચાલક પહેલેથી મેસેજ કરી જણાવી દે છે. ટાસ્ક ચેલેન્જીંગ ગેમ્સમાં સંચાલક વિવિધ મનોરંજક ટાસ્ક આપે છે જેમ કે ઘરમાં જે સૌથી વડીલ હાજર હોય તેને પગે લાગતો ફોટો કે ખાલી તપેલી પર પગ જમીનને અડે નહી તે રીતે બેસવાનું કે પુરૂષોએ મહિલા મોડેલની જેમ કેટવૉક કરતા વિડીયો વગેરે અપલોડ કરવાનું કહેવામાં આવે છે. હાઉસીમાં પોતાનો નંબર આવે એટલે ઓનલાઈન મેસેજ કરવાનો હોય છે તેમજ જજમેન્ટ ગેમ્સમાં પણ પોતાનું જજમેન્ટ ટાઈપ કરીને અથવા ઓડિયો રેકોર્ડ કરીને આપવાનું હોય છે. જે સાચું અને સૌથી પહેલા અપલોડ કરે તે તેટલા ભાગના પોઈન્ટસ મેળવે છે કે વિજેતા બને છે.




## કોરોનાની કટોકટીમાં કેમેરાની 'ક્લિક'..!!

સંકલન : સમીર રામી

### ગ્રાહકોની રાહ જોઈ રહેલા 'દેશી ફ્રિજ' સમા માટલાં...!!



ઉનાળો ધીમે ધીમે પગ પેસારો કરી રહ્યો છે અને ઉનાળામાં શીતળ જળ આપતા દેશી માટલાંની માંગ ગરમી શરૂ થતાં જ વધી જતી હોય છે. પરંતુ આ વર્ષે કોરોના વાઈરસ સંક્રમણના પગલે લૉકડાઉનની સ્થિતિમાં હારબંધ વેચાવા માટે મુકાયેલા આ માટલાં જાણે ગ્રાહકની રાહ જોઈ રહ્યાં છે. આમ પણ કોરોના વાઈરસ સંક્રમણની સ્થિતિમાં 'ફ્રિઝ' કરવામાં આવેલી ચીજવસ્તુઓ ગ્રહણ નહીં કરવા સલાહ અપાઈ રહી છે ત્યારે આ 'દેશી ફ્રિજ' જ હવે ઉપયોગી નિવડશે!!




### રહેણાંક હોય કે શેડ, બધાને 'સેનેટાઈઝ' કરી દઈશું...!!

કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા માટે લૉકડાઉન સાથે સોશ્યલ ડિસ્ટન્સ અપનાવાઈ રહ્યું છે. આ સાથે જાહેર સ્થળો સહિત રહેણાંક વિસ્તારોમાં 'સેનેટાઈઝેશન'ની પ્રક્રિયા પણ પુરજોશમાં ચલાવાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં સેનેટાઈઝેશન કરવા નીકળેલા આ કર્મચારીઓ દ્વારા માર્ગો પર પણ જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.



કોરોનાના કેર વચ્ચે અમુક નિયમોની ઐસીતૈસી થઈ રહી છે. પ્લાસ્ટીકની થેલીઓ પર પ્રતિબંધ હોવા છતાં હાલમાં આ અંગે કોઈ દંડની કાર્યવાહી થતી ન હોવાથી પ્લાસ્ટીકની થેલીઓનો વપરાશ ખૂબ વધી ગયો છે. શાકભાજીની લારીઓ પર તે દેખાઈ રહી છે.

### લૉકડાઉનના નોર્મ્સ પાળવા રીક્ષા ફેરવી વિનંતી કરાઈ



ભારતના વડાપ્રધાને બે હાથ જોડીને સૌને વિનંતી કરી હતી કે લૉકડાઉનના ૨૧ દિવસ દરમ્યાન 'પોતપોતાના ઘરમાં જ રહો, જયાં હોવ ત્યાં જ રહો' અને આવું કરવાનું કહેવા પાછળ તેમનો આશય પણ તેમણે સ્પષ્ટ કર્યો હતો કે 'તેના થકી જ આપણે કોરોના વાઈરસ સંક્રમણની ચેઈન તોડી શકીશું.' જો કે દેશભરના મોટાભાગના નાગરિકો વડાપ્રધાનની આ વિનંતીનું પાલન કરી રહ્યાં છે. છતાં કેટલાક બેજવાબદારો હજુ પણ લૉકડાઉન અને સોશ્યલ ડિસ્ટન્સના નોર્મ્સનો ભંગ કરી રહ્યાં છે. છેવટે સ્થાનિક પોલીસ તંત્રએ સોસાયટીઓમાંને ચૌરે ચૌટે રહેણાંક વિસ્તારમાં રીક્ષા ફેરવી ચેતવણી આપવી પડી રહી છે કે જો તમે લૉકડાઉનનો ભંગ કરશો તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



### લોકડાઉન જેવી સ્થિતિમાં

કોરોના વાઈરસને પગલે લૉકડાઉનની સ્થિતિમાં ઘરમાં બેસી રહેવાથી કોઈ નાગરિક જો કંટાળી જતા હોય તો તેમણે આ વૃધ્ધાશ્રમની તસવીર જોઈ લેવી જોઈએ. ગાંધીનગર-દહેગામ માર્ગ પરના મગોડી ખાતેના રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે આ વડીલોને રોજ રોજ લૉકડાઉન જેવી જ સ્થિતિ હોય છે તેમાં પણ અત્યારે વૃધ્ધાશ્રમ સંકુલની બહાર જવાની મનાઈ છે, બહારથી કોઈ અંદર પણ આવી શકતું નથી. આ સ્થિતિમાં પણ તેઓ હળીમળીને ગીત-સંગીત ભકિત વગેરેની સહાયતાથી આનંદથી સમય પસાર કરી રહ્યા છે. આમ પણ, આધુનિક શહેરી જીવનશૈલીમાં ઘરમાં રહેતા વડીલો પણ મોટે ભાગે લૉકડાઉન જેવી સ્થિતિમાં જીવતા હોય છે અને આપણે એક સપ્તાહમાં જ થાકી જઈએ એ કયાંનો ન્યાય?



ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર દ્વારા સેનેટાઈઝરના છંટકાવની પ્રસંશનિય કામગીરી બદલ સેક્ટરના વસાહતીઓએ ડે.મેયર નાજાભાઈને તાળીઓથી સન્માનીત કર્યા હતા. કોરોના જેવા રોગથી થતી મહામારીમાં લોકો ઘરની બહાર નીકળતા પણ ડરે છે ત્યારે આવી પરિસ્થિતિમાં ગાંધીનગરના લોકોની ચિંતા કરીને દરેક ઘરે જઈને સેનેટાઈઝરનો છંટકાવ કરાવતા કર્મનિષ્ઠ ડે.મેયર નાજાભાઈ ઘાંઘર આવા ઉમદાકાર્ય બદલ સન્માનીય છે.